| | |
|---|---|
| દાખલ તારીખ | : ૧૦/૧૦/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | : ૧૦/૧૦/૨૦૨૫ |
| ફેસલ તારીખ | : ૩૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : વર્ષ ૦૦ મહિના ૦૫ દિવસ ૨૦ |

સત્यमेव जयते

**બરવાળાના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુકામ–બરવાળા, જીલ્લો–બોટાદ**

**ફોજદારી કેસ નંબર–૩૬૬/૨૦૨૫**

**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :– હરેશભાઈ રવજીભાઈ સાપરા,
ઉ.વ. ૩૨, ધંધો. મજુરી,
રહે. ખાંભડા,
તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ.

**ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ)**

શ્રી પી.એન.કાંગ્રીચા : વિ.એ.પી.પી.શ્રી ફરિયાદ પક્ષ તરફે
શ્રી પી.એમ.રાઠોડ : વિ.વકીલશ્રી આરોપી તરફે

**–: ચુ કા દો :–**

૧. ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તારીખ–૦૩/૧૨/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ વાગ્યે ખાભડા ગામ પાસે ગેર કાયદેસર રીતે દેશી દારૂ લીટર ૦૪ કિંમત રૂપિયા ૮૦૦/– નો રાખી, રેઈડ દરમ્યાન હાજર ન મળી આવી, તે કામે પોલીસ ધ્વારા તપાસ કરતાં હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આ ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટ સમક્ષ પ્રોહીબીશન

એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલો. જે સમન્સ બજી જતાં આરોપીએ તેમનાં વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આંક–૬ થી તહોમતનામું ફરમાવી અને આંક–૭ થી પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદી મહેન્દ્રભાઈ ભુપતભાઈ ની જુબાની |
| ૨ | ૨૨ | પંચ અશ્વીનભાઈ ગોપાલભાઈ મકવાણા ની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદ |
| ૨ | ૨૩ | પંચનામું |

**૪.** ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવા સિવાય અન્ય પુરાવા રજુ થયેલા નથી. ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી પક્ષે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

**૫.** ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવા ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–ઃ <u>મુ દ્દા ઓ</u> ઃ–**

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તારીખ –૦૩/૧૨/૨૦૨૪ ના કલાક ૧૮/૦૦ વાગ્યે ખાભડા ગામ પાસે ગેર કાયદેસર રીતે દેશી દારૂ લીટર ૦૪ કિંમત રૂપિયા ૮૦૦/– નો રાખી, પ્રોહીબીશન એકટનીકલમ– ૬૫ (એ)(એ) મુજબનો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>– કા ર ણો –</u>**

**<u>– પુરાવાનું મુલ્યાંકન –</u>**

**<u>મુદ્દા નં.૧ અને ૨</u>**

૭. આ કામે આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૯૭૨ ની કલમ ૧૦૧ થી ૧૦૩ મુજબ ઉપર નોંધ્યા મુજબ મૌખક અને લેખિત પુરાવો રજુ કરેલ છે.

૮. ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચસાહેદએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને પંચનામામાં તેઓની માત્ર સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદપક્ષે પંચસાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ તળે તપાસવામાં આવેલ છે. પરંતુ તે તપાસ દરમિયાન પણ કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર નોંધાયેલ નથી.

૯. ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી મહેન્દ્રભાઈ ભુપતભાઈ ના ઓને

તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની તપાસને અનુરૂપ પુરાવો તેમની સરતપાસ દરમિયાન આપેલ છે. તેમજ આંક –૧૩વાળી ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓએ ઉલટતપાસ દરમિયાન એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, ફરીયાદમા ખાનગી વાહનનો નંબર લખેલ નથી કે પંચોના નામઠામ જણાવેલ નથી, મુદામાલ આરોપીના કબજામાંથી મળેલ નથી. સ્થળ પર આરોપીની હાજરી મળી આવેલ નથી.

**૧૦.** આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પ્રથમ પંચનામુ થયેલ છે અને ત્યારબાદ ફરીયાદ નોંધવામાં આવેલ છે. પરંતુ આંક – ૧૩ વાળી ફરીયાદમાં ફરીયાદી દ્વારા પંચોના નામ, ઉંમર અને સરનામુ જણાવેલ નથી. આ કામે કહેવાતો મુદ્ધામાલ પ્રોહીબીશનનાં કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ પદાર્થ હતો તે સાબિત કરવા સારૂ કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. આ કામે પંચ સાહેદો દ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપવામાં આવેલ નથી તથા આ કામે કોઈ અન્ય તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ચાર્જશીટ ધ્યાને લેતાં તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ હોય તેવું જણાઈ આવતું નથી. તેમજ બનાવના દિવસે આરોપીએ જ મુદ્ધામાલ પોતાના કબજામાં રાખેલ હતો તે હકીકત પુરવાર થતી નથી. આ કામે રજુ થયેલ તમામ પુરાવો સ્વતંત્ર રીતે અને એકી સાથે મુલવતાં પુરાવામાં ઉભી થયેલી શંકાઓ દુર થતી નથી અને જે સંજોગોમાં ફરીયાદપક્ષનો પુરાવો સંપૂર્ણ સુર્દઢ અને આધાર રાખી શકાય તેવો વિશ્વસનીય જણાતો નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. જેથી **મુદ્ધા નંબર–૧ નો જવાબ નકારમાં** આપી **મુદ્ધા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

## – હુ ક મ –

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ (૧) અન્વયે આ કામના **આરોપી હરેશભાઈ રવજીભાઈ સાપરા**, ઉ.વ. ૩૨, ધંધો. મજુરી, રહે. ખાંભડા, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ ને **પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ (એ)(એ)** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે મુદ્દામાલ પાવતી મુજબના **મુદ્દામાલ દારૂ** નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે, આરોપીને જામીન આપેલ હોય તો તે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે, અન્યથા રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

આ હુકમ આજ તારીખ: ૩૦મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ નારોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૩૦/૦૩/૨૦૨૬<br>બરવાળા. | ( નિતેશ કિશોરભાઇ નાચરે)<br>જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ<br>બરવાળા<br>યુનિક જજ કોડ–જીજે ૦૧૪૫૧ |